નં.પ.ક./ ૨૦૧૯-૨૦/સ્ટેટ ન્યુટ્રીશન સેલ/ ૭૦૩
સીએમટીસી/એનઆરસી બાબત/૨૦
કમિશ્નરશ્રી,આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ
(આ.વિ.),બ્લોક નં ૫, બીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા.૨૩/૩/૨૦૨૦

પ્રતિ,

- ✓ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી
  જીલ્લા પંચાયત કચેરી તમામ...........
- ✓ મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ
  મ્યુનીસીપલ કોર્પોરેશન તમામ......

**વિષયઃ-** સીએમટીસી/એનઆરસી ખાતે કુપોષિત બાળકોની સારવાર બાબત.

ઉપરોકત વિષય અન્વયે આપને જણાવવાનું કે હાલમાં કોરોના વાયરસના સંક્રમણના કારણે દીન પ્રતિદીન કેસોની સંખ્યામાં વધારો થઇ રહેલ છે. ગુજરાત રાજયમાં પણ કોરોનાના પોઝીટીવ દર્દીઓ નોંધાયેલ છે.સીએમટીસી/એનઆરસી માં દાખલ અતિગંભીર કુપોષિત બાળકોની રોગપ્રતિકારક શકિત ઓછી હોવાથી તેવા બાળકોમાં સંક્રમણ થવાની સંભાવના વધારે રહે છે.

આમ આ પરિસ્થિતીને ધ્યાને લેતાં સીએમટીસી/એનઆરસી માં અતિગંભીર કુપોષિત બાળકોને પોષણયુકત આહાર માટે દાખલ કરવા યોગ્ય નથી. જેથી હાલમાં સીએમટીસી/એનઆરસી માં દાખલ થયેલ બાળકોને પોષક આહાર વિશેની બાબતોની સમજણ તેમની માતા કે સાથે રહેનાર કેરગીવર ને આપી,યોગ્ય પ્રશિક્ષિત કરી તા.૩૧-૩-૨૦ સુધી પોતાના ધરે જ રહેવા જણાવવું. વધુમાં તબીબી સારવારની આવશયકતા જરૂર જણાય તો સંલગ્ન હોસ્પિટલનાં તબીબી અધિકારીશ્રી અથવા બાળરોગ નિષ્ણાંતની સલાહને અનુસરવા જણાવવું હીતાવહ છે.

ઉપરોકત સુચનાનું નિયત અમલીકરણ થાય તથા વૈકલ્પિક સારવાર અંતગર્ત ફીલ્ડ ક્ષેત્રે આશા અને સ્ત્રી આરોગ્ય કાર્યકર દ્રારા અતિગંભીર કુપોષિત બાળકોનું હોમવીઝીટ દરમ્યાન સંપરામર્શ થી કાળજી રાખવાનું સુનિશ્રીત કરવાનું રહેશે.

અધિક નિયામક(પ.ક)
ગાંધીનગર.

નકલ સવિનય રવાના-

- માન.કમિશનરશ્રી,(આરોગ્ય)ગાંધીનગર તરફ જાણ સારું
- મિશન ડાયરેકટરશ્રી, એન.એચ.એમ.ગાંધીનગર તરફ જાણ સારું.
- સભ્યસચિવ (એચ.એસ.એસ.) અને અધિક નિયામક(આરોગ્ય) ગાંધીનગર તરફ જાણ સારું
- વિભાગીય નાયબ નિયામકશ્રી તમામ........ તરફ જાણ સારું.

નકલ રવાનાઃ-

રીજનલ પ્રોગામ એસોસીયેટ અને પ્રોગામ એસોસીયેટ તમામ તરફ જાણ સારું